# મજરા ખાતે ખેતરમાં હાથમતીના પાણી ફરી વળ્યાં

## તૈયાર થયેલ ગવારનો પાક બેટમા ફેરવાયો : ખેડૂત ઉપર આભ ફાટયુ : વગર વરસાદે ખેતરમાં કેનાલના પાણી ફરી વળતા બેટમા ફેરવાયુ : ખેડૂતનો તૈયાર થયેલ ગવારનો પાક પાણીમાં ગયો : એક લાખથી વધારે નુકસાન





પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા ખાતે કેનાલ ના પાણી ખેતરમા ફરી વળતા ખેડૂત ના ખેતરમા તૈયાર થયેલ ગવાર નો પાક પાણી મા ગયો તો ખેડૂત ને એક લાખથી પણ વધારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો.

પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે આવેલ ખેતર પાસે થી પ્રસાર થતી હાથમતી માઈનોર કેનાલ માથી મીની માઈનોર કેનાલ મા આવતી કેનાલ મા પાણી એકદમ વધી જતા કેનાલ મા ગાબડુ પડતા કેનાલ ની પાસે આવેલ એક વિગા જમીન મા ગવાર ના તૈયાર થયેલ પાકમા કેનાલ ના પાણી ફરી વળતા હાલતો માત્ર એક વિઘોજ જમીન ધરાવતા ઝાલા દિનેશસિંહ ફતેસિંહ ના ખેતરમા તૈયાર થયેલ ગવાર ના પાક મા પાણી ફરીવળતા આ નાના ખેડૂત ને હાલ તો એક લાખ થી પણ વધારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે હાલતો આ નાના ખેડૂત ઉપર આભ ફાટયુ છે અને આખા એક વિધા મા પાણી ફરી વળતા બેટ મા ફેરવાયુ છે ત્યારે તૈયાર થયેલ પાક પાણી મા જતા આ નાના ખેડૂત ને સહાય મળે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે તંત્ર દ્વારા તપાસ થશે અને આ નાના ખેડૂત ને સહાય મળશે એ તો હવે જોવુ રહ્યુ.

# સમાચાર રફતાર

- ફાસ્ટ ટેગનુ અભૂતપૂર્વ વેચાણ, એક જ દિવસમાં ૨.૫ લાખ ફાસ્ટ ટેગ મંગળવારે વેચાયા, અમલના પ્રથમ દિવસે ૮૭.૧૬ કરોડનો ટોલ વસૂલાયો.
- સોનામાં ૫૦૦ રૂ. ઘટ્યા, સોનુ ૪૮,૦૦૦ની સપાટીએ પહોંચ્યુ. ચાંદીમાં રૂ. ૧૫૦૦નો ઘટાડો, રૂ. ૬૯,૦૦૦ની સપાટીએ ચાંદી પહોંચી.
- રાજ્યસભાના બન્ને ઉમેદવારો ગુરૂવારે ગાંધીનગરમાં ઉમેદવારીપત્રો ભરશે.
- આસારામની તબીયત લથડતા મોડી રાત્રે પોલીસ તેમને જોધપુર હોસ્પિટલ લઈ ગઈ.
- હારીજ તાલુકાના રોડા ગામે વરરાજાને લઈ ઘોડો ભાગી ગયો. રસ્તામાં વરરાજા પટકાતા ઈજા થઈ.
- સુરતમાં કોરોના ફરી ઉંચકાયો, માસ્ક માટે કડક કાર્યવાહીના આદેશ.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચન્દ્રશેખર રાવને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી.
- ૨૬મી જાન્યુઆરીએ લાલ કિલ્લા હિંસામાં મનિન્દરસિંહની ત્રિકમપુરાથી ધરપકડ.
- મેંગ્લોર એરપોર્ટ પર બ્રાઝિલ અને સાઉથ આફ્રિકાના યાત્રિકોએ ફરજિયાત કોરોના ટેસ્ટ કરાવ્યા.
- પૂર્વ કેન્દ્રિય મંત્રી વિજય સંપલા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિના અધ્યક્ષપદે નિમાયા.
- બંગાળી અભિનેતા યશ દાસગુપ્તા ભાજપમાં જોડાયા.
- બૃહદ મુંબઈ મ્યુ. કોર્પોરેશને માસ્ક નહી પહેરનારા પાસેથી રૂ. ૩૦,૯૬,૨૧,૨૦૦નો અધધ દંડ વસુલ્યો.
- ભાજપ ૨૨ કેન્દ્રિય મંત્રીઓને બંગાળમાં પ્રચાર માટે ઉતારશે.



## પ્રાંતિજ ખાતે પૂર્વ મંત્રી દ્વારા શ્રીરામ જન્મભૂમિ નિર્માણ નિધિ સમર્પણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રીરામ જન્મ ભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાનમા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા શ્રીરામ જન્મભુમિ નિર્માણ નિધિ કાર્યાલય ખાતે જઈને પોતાનુ સમર્પણ આપ્યુ. પ્રાંતિજ ખાતે રહેતા અને ગુજરાત રાજયના પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા આજે પ્રાંતિજ ખાતે આવેલ શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ કાર્યાલય ખાતે જઈને પોતાનુ યથાશક્તિ રામમંદિર માટે સમર્પણ આપ્યુ હતું.

### ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યુ

# જિલ્લામાં ૧૮ લાખ મતદારો ૨૩૫૯ મતદાન મથક ઉપર મતદાન કરશે

## ભાજપાને સાયલન્ટ મતદારો ઉપર જીતનો વધુ ભરોસો

બાયડ, તા. ૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયત, હિંમતનગર, મોડાસા, બાયડ, વડાલી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા તલોદ પાલિકાની ૨ બેઠકની તા. ૨૮ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયા પછી ૧૮,૦૧૫૦૮ મતદારો ૨૩૫૯ મતદાન મથક ઉપર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. કોંગ્રેસમાં જે રીતે યાદવાસ્થળી સામે આવી છે તે જોતાં અંદરો અંદર ફફડાટ પ્રસર્યો છે. જયારે ભાજપાને સાયલન્ટ મતદારો ઉપર જીતનો વધુ ભરોસો છે.

ધીરે ધીરે ઠંડીનો પ્રભાવ ઓસરી રહ્યો છે. પરંતુ જિલ્લા પંચાયતની ૬૬, તાલુકા પંચાયતની ૨૯૮, નગરપાલિકાની ૧૧૫ બેઠકનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા પછી ચૂંટણી વિભાગ દ્વારા બેલેટ પેપર પ્રિન્ટીંગનું કામ હાથ ઉપર લેવામાં આવ્યુ છે. સાબરકાંઠામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકામાં ૧૨૭૯ મતદાન મથક ઉપર ૨૮૪૬ ઈવીએમ મશીનનો ઉપયોગ થશે. અરવલ્લી જિલ્લામાં ૨૧૯૨ ઈવીએમ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. મતદાનનો સમય વધારવામાં આવ્યો હોવાથી વિજતંત્રને વિજપુરવઠો ન ખોરવાય તેની ખાસ સૂચના આપવામાં આવી છે. નિષ્પક્ષ અને ન્યાયીક ચૂંટણી માટે અસામાજીક તત્વો ઉપર ઘોસ વધારી વોન્ટેટ આરોપીઓને અટકાત કરવામાં આવી છે. અતિ સંવેદનશીલ મતદાન મથકો ઉપર એસઆરપી સહીત હથીયારધારી પોલીસનો કાફલો તૈનાત કરવામાં આવશે. ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા પછી બુધવારથી ભાજપા-કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન તેજ કરવામાં આવ્યુ છે. કેટલાક મત વિસ્તારોમાં મતદારોએ સૂચક મૌનનો અભિગમ દાખવતાં મુખ્ય રાજકીય પક્ષો, ઉમેદવારો માથુ ખંજવાળતા જોઈ શકાયા છે. ચૂંટણીના સુચારૂ આયોજન માટે બન્ને જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા તાબાના અધિકારીઓને સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. બન્ને જિલ્લામાં ૮,૭૭૪૧૭ સ્ત્રી મતદારો અત્યંત નિર્ણાયક બનવાના છે ત્યારે ભાજપા-કોંગ્રેસ સ્ત્રી મતદારોને આકર્ષવા માટે તમામ તાકાત કામે લગાડી શકે છે.

### જિલ્લામાં કુલ ૧૬ સ્થળે મતગણતરી

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૨૩૫૯ મતદાન મથક ઉપર તા. ૨૮ ફેબ્રુઆરીએ અભેધ સુરક્ષા પ્રબંધ વચ્ચે ઈવીએમથી મતદાન યોજાશે. મતદાન પૂર્ણ થયા પછી રાત્રે ઈવીએમ મતપેટી સુરક્ષા પ્રબંધ સાથે તાલુકા મથકની સ્ટ્રોંગ રૂમમાં લઈ જવાશે. જ્યાં તા. ૨ માર્ચે સવારે ૯ કલાકથી મતગણતરી શરૂ થશે. બન્ને જિલ્લામાં કુલ ૧૬ સ્થળે મતગણતરી કરવામાં આવશે. જ્યાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ચુસ્ત અમલ કરવામાં આવશે.

# મહેસાણા જિલ્લા પંચાયતની ૪૧ બેઠકો માટે ૧૦૭ ઉમેદવારો મેદાનમાં

## નંદાસણ બેઠક પર ભાજપ બિન હરીફ : દસ તાલુકા પંચાયતની ૨૦૭ બેઠકો પર ૫૦૫ ઉમેદવારો જંગમાં : નવ બેઠકો પર ભાજપ બિનહરીફ જ્યારે મહેસાણા-વિસનગર અને ઊંઝામાં રસપ્રદ જંગ : કડીમાં ભાજપનો ભગવો લહેરાયો

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયત ૧૦ તાલુકા પંચાયતો અને ૪ નગરપાલિકાઓની સ્થાનિક સ્વરાજ્યની આગામી તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બની ગયુ છે.

મહેસાણા જિલ્લા પંચાયતની કુલ ૪૨ બેઠકો પૈકી કડી તાલુકાના નંદાસણની બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા ભાજપના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે. હવે ૪૧ બેઠકો માટે કુલ ૧૦૭ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહેતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જામી છે. દસ તાલુકા પંચાયતોની કુલ ૨૧૬ બેઠકો પૈકી નવ બેઠકો પરના ઉમેદવારો બિન હરીફ ચૂંટાયા છે. જેથી ૨૦૭ બેઠકો પર ૫૦૫ ઉમેદવારો ઉભા રહ્યા હોઈ ભારે રસાકસીભર્યો જંગ જામ્યો છે. જયારે જિલ્લાની મહેસાણા નગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર ૧૨૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. કડી પાલિકાના નવ વોર્ડની ૩૬ બેઠકો પૈકી ૩૬ સભ્યોની ચૂંટણી પૈકી ૨૬ સભ્યો બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે. બિન હરીફ થયેલ ૨૬ બેઠકો ભાજપના ફાળે ગઈ છે. ઊંઝા નગરપાલિકાના નવ વોર્ડની કુલ ૩૬ સીટો પૈકી બે સીટો પર ભાજપના ઉમેદવારો બિન હરીફ ચૂંટાતા હવે ૩૪ બેઠકો પર ૮૧ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે. અહીં ભાજપ અને કોંગ્રેસની વિચારસરણી ધરાવતા અપક્ષો વચ્ચે સીધો જંગ છે. આ ઉપરાંત વિસનગર પાલિકાના નવ વોર્ડની ૩૬ બેઠકો પર ૮૬ ઉમેદવારો મેદાનમાં રહેતાં અત્રે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર છે. આ વખતની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસમાં ટિકિટોની ફાળવણી બાબતે કાર્યકરોમાં ભારે અસંતોષની લાગણી ફેલાઈ છે. કેટલાક કાર્યકરોને ટિકિટ ન મળતા તેઓએ અપક્ષ તરીકે ચૂંટણીમાં ઝંપલાવ્યુ છે. દરમિયાન આ વખતે મહેસાણા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ૨૫૮ પૈકી ૭૪ સીટો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ઝંપલાવ્યુ હોઈ આવી બેઠકો પર ત્રિપાંખિયો જંગ જામશે તેમ જણાય છે. ઊંઝા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના આંતરિક વિખવાદને લીધે ભારે રસાકસીભર્યો ચૂંટણી જંગ જામે તેવા એંધાણ જણાય છે.

## ચૂંટણીના ઢોલ ઢબુક્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટી સીટ ભોંયણ મોટી છે. જ્યારે સઈજ એ મતદારોની દૃષ્ટિએ અને વિસ્તારની દૃષ્ટિએ પણ મોટી છે.

જિલ્લામાં સઈજ બેઠક માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૩૦ હજાર છે જ્યારે કડજોદરા અને લોદરા બેઠક પર નોંધાયેલા મતદારોની સંખ્યા ૨૯ હજારથી વધુ છે. માણસામાં ઈટાદરા બેઠક પર ૨૮ હજાર જેટલા મતદારો નોંધાયેલા છે. અડાલજ બેઠક પર ૨૭ હજાર મતદારો નોંધાયેલા છે. સોજામાં ૨૬ હજાર મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચારનો પ્રારંભ થઈ ચુક્યો છે. ભાજપે બે જાહેરસભાઓ યોજી જાહેર પ્રચારના શ્રીગણેશ કર્યા છે. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કલોલમાં અને પૂર્વ સાંસદ શંભુનાથ ટુંડિયાએ માણસા તાલુકામાં આ સભાઓ સંબોધી છે.

બીજી તરફ કોંગ્રેસે અત્યારથી જ નાની-નાની ગૃપ બેઠકો અને જનસંપર્ક અભિયાનને અગ્રતા આપી છે.

બન્ને પક્ષોના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૨૦મી પછી જાહેર પ્રચારમાં વેગ આવશે. બન્ને પક્ષ દ્વારા પ્રદેશ-જિલ્લાના આગેવાનો દ્વારા સભાઓ ગજવવામાં આવશે. હાલ તો બન્ને પક્ષો પ્રચાર અભિયાનમાં કોઈ કચાશ છોડવાના મૂડમાં નથી.

## પાણીનો પોકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ત્રણેય ગામના રહીશો પાણી માટે ખાનગી બોરકુવા પર નિર્ભર રહેવા મજબુર બન્યા છે. પાણી ન મળવાથી વૃદ્ધ તેમજ અસહાય વ્યક્તીઓ સહિત ગ્રામજનો અને પશુધન ભારે હેરાનગતિનો સામનો કરી રહ્યાનું આવેદનપત્રમાં જણાવાયુ છે.

ગ્રામજનોએ જો પાણીની આ સમસ્યાનો ઉકેલ નહિ આવે તો ના છૂટકે મતદાન બહિષ્કાર જેવા પગલાં લેવામાં આવશે તેમ પણ કહ્યુ છે.

## મહિલાને ફાંસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિ ભવને તેની અરજીને ફગાવી દીધી. આઝાદી પછી શબનમ પ્રથમ મહિલા કેદી હશે જેની ફાંસી આપવામાં આવશે. દેશમાં માત્ર મથુરા જેલનું ફાંસી ઘર એક માત્ર છે જ્યાં મહિલાને ફાંસી આપી શકાય છે. હાલ શબનમ બરેલી જ્યારે સલીમ આગ્રા જેલમાં છે.

મથુરા જેલમાં ૧૫૦ વર્ષ પહેલા મહિલા ફાંસીઘર બનાવવામાં આવ્યું હતું. આઝાદી પછી અત્યાર સુધીમાં અહીં કોઈ પણ મહિલાને ફાંસીએ લટકાવવામાં આવી નથી. વરિષ્ઠ જેલ અધીક્ષકના જણાવ્યા મુજબ હાલ ફાંસીની તારીખ નક્કી કરવામાં આવી નથી. જોકે અમે તૈયારી શરૂ કરી દીધી છે. દોરડા માટે ઓર્ડર આપવામાં આવ્યો છે. ડેથ વોરન્ટ ઈસ્યુ થતા જ શબનમ-સલીમને ફાંસ આપવામાં આવશે. જોકે સલીમને ફાંસી ક્યાં આપવામાં આવશે તે હજી નક્કી કરવામાં આવ્યું નથી.

## કોંગ્રેસનો વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજાબમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ખેડૂત આંદોલનના માહોલમાં થઈ. કેમકે, કેન્દ્રના નવા કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનની શરૂઆત પંજાબથી જ થઈ હતી. અહીં અકાલી દળ અને ભાજપનો ખૂબ વિરોધ થયો હતો. ઉલ્લેખનીય છે કે, પંજાબમાં ૧૪ ફેબ્રુઆરીએ ચૂંટણી માટે મતદાન થયું હતું. જેમાં લગભગ ૭૧ ટકા મતદાન થયું હતું. જેમાં કુલ ૯૨૨૨ ઉમેદવાર મેદાને હતાં. રાજ્યમાં સૌથી વધુ ઉમેદવાર અપક્ષ હતા. જ્યારે રાજકીય પાર્ટીમાંથી સૌથી વધુ ઉમેદવાર ૨૦૩૭ કોંગ્રેસ પાર્ટીના હતા. ભાજપે માત્ર ૧૦૦૩ ઉમેદવાર જ મેદાને ઉતાર્યા હતા. પંજાબમાં વર્ષ ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે. આવામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ ઘણા મહત્વના મનાય છે. પંજાબની ૧૦૯ નગરપાલિકા, નગર પંચાયત અને ૭ મહાનગરપાલિકા માટે થયેલા મતદાનની મતગણતરી ચાલી રહી છે. પંજાબની સાતેય મહાનગરપાલિકામાં ભાજપના સુપડાસાફ થયાં છે.

## નંબર સરખા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ખામીને કારણે સમસ્યા એ થઈ છે કે, જે લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે તેમને બીજા ડોઝની માહિતી ન મળી શકી. જો કે, અગાઉ વેક્સિનેશન અભિયાનને લઈને ખામીઓની છૂટક વાતો સામે આવી હતી. જેમ કે, ગ્વાલિયરમાં જયારોગ્ય હોસ્પિટલમાં વેક્સિન લેનારા ૯૪૦ લોકોના એક જ મોબાઈલ નંબર હોવાનો મામલો સામે આવ્યો હતો. જેના કારણે કોઈને પણ રસી મળી નહોતી. હવે મધ્ય પ્રદેશમાં વેક્સિન લેનારા એક લાખથી વધુ લોકોના એક સરખા મોબાઈલ નંબર હોવાનું સામે આવ્યું છે.

### પ્રથમવાર પ્રજા-મતદારો ખુલીને સમર્થનમાં

# ચૂંટણી પ્રચાર : બાયડ પાલિકામાં ભાજપનો ડોર ટુ ડોર પ્રચાર, વ્યાપક આવકાર

બાયડ, તા. ૧૭

બાયડ પાલિકાના ૬ વોર્ડમાં ૨૪ બેઠક ઉપર ૪૯ ભગવાધારી પક્ષના ઉમેદવારોના સમર્થનમાં જોવા મળ્યા છે.

બાયડ પાલિકાના પ્રતિનિધીત્વ કરવાની તક આપી મેદાનમાં ઉતારતાં ભાજપ વધુ તાકાતથી બાયડ શહેરમાં



ઉમેદવારો મેદાનમાં રહેતાં ભાજપા-કોંગ્રેસ વચ્ચે ૫ વોર્ડમાં સીધો જંગ અને અન્ય એક વોર્ડમાં ત્રિ-પાંખીયો જંગ જામવાનો છે. ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા પછી બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ભાજપા અગ્રણી અરવિંદભાઈ પ્રજાપતિ, દિનુભાઈ પટેલ, ભલુભાઈ પટેલ વગેરેએ વોર્ડ નં. ૪ થી ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરતાં વ્યાપક આવકાર જોવા મળ્યો. પ્રથમવાર બાયડની પ્રજા મતદારો ખુલીને શાસનમાં પાછલા ૫ વર્ષ પ્રજા-વેપારી-આમ આદમીએ જે યાતના વેઠી અને હવે પ્રજાને પરેશાન કરી મુકનારા શાસકોના મૂડીયાં ઉખેડી ફેંકવાના નિર્ધાર સાથે મતદારોએ પ્રથમ દિવસથી જ ભાજપા તરફી માહોલ ઉભો કર્યો છે. કોંગ્રેસને અનેક વોર્ડમાં ઉમેદવાર સોધવામાં આંખોમાં પાણી આવી ગયુ હતુ. જ્યારે ભાજપામાં ઉમેદવાર થવા માટે પડાપડી જોવા મળી. ભાજપા બાયડમાં તમામ જ્ઞાતિ, પટેલ સમાજના તમામ કુટુંબોને બહુમતી તરફ જશે તેવો વર્તારો મતદારોએ જણાવ્યો છે. તા. ૧૭ ફેબ્રુઆરીથી ભાજપ દ્વારા સળંગ ૬ દિવસ ડોર ટુ ડોર પ્રચાર કાર્ય શરૂ કરતાં અત્ર-તત્ર સર્વત્ર ભાજપા મય વાતાવરણ જોવા મળી રહ્યુ છે. નાસીપાસ થેયલ દેખાતી કોંગ્રેસ હવે પ્રચારમાં જૂઠનો સહારો લે તેવી પૂરી સંભાવના છે. બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલ પટેલે બાયડ પાલિકામાં ભાજપાની પ્રચંડ બહુમતી આવશે તેવો દાવો કર્યો છે.

# પાલનપુરની શુકન ગ્રીન સોસાયટીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

પાલનપુરના પારપડા રોડ પર આવેલ શુકન ગ્રીન સોસાયટીમાં આવેલ એક બંધ મકાનમાં તસ્કરો તસ્કરો ત્રાટક્યા હતા. અને મકાનમાં પડેલ સોના-ચાંદી ના દાગીના સહીત રોકડ રકમની ચોરી કરી પલાયન જેની જાણ મકાન માલીકને થતા પોલીસ ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

પાલનપુરમાં પારપડા રોડ પર આવેલ શુકન ગ્રીન સોસાયટીમાં રહેતા વેપારી અખિલેશભાઈ અગ્રવાલ પોતાના પરિવાર સાથે બહાર ગયા હતા. તે સમય દરમીયાન શનિવારની રાત્રે અજાણ્યા તસ્કરોએ તેમના બંધ મકાનનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનમાં પડેલા રૂ.૪ લાખના સોનાના તેમજ રૂ.૧.૩૦ લાખના ચાંદીના દાગીના અને તિજોરીમાંથી રૂ.૫ લાખ રોકડ મળી ને કુલ રૂ.૧૦.૩૦ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ બનાવ અંગે બીજા દિવસે વહેલી આજુબાજુ ના રહીશો ને જાણ થતાં મકાન માલિક ને જાણ કરવામાં આવી હતી.જેથી મકાન માલીક દોડી આવ્યા હતા અને મકાન ની તપાસ કરતા તેમના ઘરમાં થી રોકડ તેમજ દાગીના મળી કુલ રૂ.૧૦.૩૦ લાખ ના મુદ્દામાલની ચોરી થઈ હોવાનું માલુમ પડતા તેમને બનાવ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે.

# દાંતામાં છ મહિના અગાઉ ગોડાઉનમાંથી પકડાયેલ અખાદ્ય ગોળના સેમ્પલ ફેલ

## વેપારી વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ

દાંતામાં છ મહિના પહેલાં પોલીસે દુકાન તથા ગોડાઉનમાંથી અખાદ્ય ગોળનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જે બાદમાં તેના સેમ્પલ અમદાવાદ મોકલાવ્યા બાદ સેમ્પલમાં સડેલો ગોળ હોવાનું સ્પષ્ટ થયુ હતુ. જે બાદમાં પોલીસે અખાદ્ય ગોળના જથ્થાનો નિકાલ કરવા જણાવ્યું હતુ. આ તરફ ઉપરી અધિકારીએ વેપારી સામે ફરીયાદ નોંધાવવાનો હુકમ કરતાં દાંતા પોલીસે વેપારી સામે દાંતા પોલીસ મથકે ગુનો દાખલ કર્યો છે.

બનાસકાંઠા જીલ્લાના દાંતાની ન્યુ બનાસ ટ્રેડર્સ નામની દુકાનમાં તા. ૧૩/૮/૨૦૨૦ ના રોજ રેઈડ કરી શંકાસ્પદ ગોળનો જથ્થો જપ્ત કર્યો હતો. જે તે વખતે પોલીસે દુકાન અને ગોડાઉનમાંથી કુલ ૪,૯૫,૨૫૦ નો અખાદ્ય ગોળનો જથ્થો દુકાનમાં જ સીલ કરી તેના સેમ્પલ લઈ એફ. એસ. એલ. રીપોર્ટ માટે મોકલી આપ્યા હતા. આ તરફ તા. ૨૩/૧૦/૨૦૨૦ ના રોજ રીપોર્ટમાં ગોળ સડેલો હોવાનું બહાર આવ્યુ હતુ. જેને લઈ પોલીસે ૧/૧૨/૨૦૨૦ ના રોજ તેની પાસે સીલ કરીને રાખેલ અખાદ્ય ગોળનો જથ્થાનો નિકાલ કરવા કહ્યુ હતુ.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, છ મહિના પહેલા થયેલ કાર્યવાહીમાં તપાસને અંતે વેપારી સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ઘટનાને લઈ એફ. એસ. એલ. રીપોર્ટના આધારે ગોળના સેમ્પલો અખાદ્ય હોઈ સદર જાણવા જોગમાં પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનાહિત કૃત્ય બનતું હોઈ મદદનીશ પોલીસ અધિક્ષકના હુકમને લઈ દાંતા પી.એસ. આઈ.એ ઈસમ સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. પોલીસે દાંતા ઈન્દીરા કોલોનીમાં રહેતાં મહંમદ વારીશભાઈ ગનીભાઈ મેમણ સામે પ્રોહી. એક્ટની કલમ ૭૦ એ અને આઈપીસી કલમ ૨૭૩ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.